# બજારમાં અળવીના પાનની આવક વધી

**અળવીના પાનમાંથી પાત્રા, ભજીયા બનાવવામાં આવે છે અને તેની ગાંઠોમાંથી શાક બનાવવામાં આવે છે : અળવીના પાનને પત્તરવેલીયા તરીકે પણ ઓળખવામાં આવે છે**









ગાંધીનગર, તા. ૨૭

ચોમાસાની આ સિઝનમાં બજારમાં લીલાછમ અળવીના પાનનું વેચાણ શરૂ થઈ ચુક્યુ છે. શહેરીજનો આ અળવીના પાનમાંથી પાત્રા, ભજીયા બનાવી રહ્યા છે. ચોમાસાની ઋતુમાં પાત્રા ખાવાનું સૌ કોઈને મન થાય છે. બજારોમાં ફરસાણની દુકાનોમાં પણ સ્વાદિષ્ટ પાત્રા મળી રહ્યા છે. પાત્રાની સાથે સાથે સ્વાદિષ્ટ ચટપટી ચટણી પણ પિરસવામાં આવે છે. અળવીના પાનમાં ચણાનો લોટ મિક્ષ કરીને મસાલા મિક્ષ થયા બાદ જોરદાર સ્વાદ આવે છે. આ મોસમમાં પાત્રા ખાવાની મજા આવે છે. તેથી બજારમાં પણ અળવીના પાનની બોલબાલા જોવા મળી રહી છે. અળવીની ગાંઠોને હિંદીમાં ઘુઈયાં, અરબી, અરુઈ, મરાઠીમાં આળુ, અંગ્રેજીમાં ટેરો નામથી ઓળખાય છે. જેને ખાવાના ફાયદા પણ અઢળક છે. અળવીનું શાક પણ બનાવવામાં આવે છે. અળવીમાં પ્રોટીન, પોટેશિયમ, ફોસ્ફરસ, કેલ્શિયમ, સોડીયમ, થોડા પ્રમાણમાં વિટામીન એ પણ હોય છે. ગુજરાતમાં પાત્રા અળવીના પાનની જાણીતી વાનગી છે. તેને પત્તરવેલિયાં પણ કહે છે. અળવીના પાંદડા ફાઈબરથી ભરપૂર હોય છે. તેથી પાચનતંત્રને સ્વસ્થ રાખવા માટે તેનું સેવન કરવું ખૂબ જ લાભકારી સાબિત થાય છે. આપણા શરીરમાં આયરનનું પ્રમાણ ખૂબ જ સારુ હોવુ જોઈએ. કારણ કે તે આપણા શરીરમાં લાલ રક્તકણને બનાવવામાં મદદ કરે છે. જો શરીરમાં તેની ઉણપ થઈ જાય તો એનીમિયા નામનો રોગ થઈ શકે છે અને અળવીના પાનમાં આયરનની માત્રા સારા એવા પ્રમાણમાં હોય છે જે એનીમિયા સામે લડવામાં રક્ષણ પુરૂ પાડે છે. જ્યારે કોઈ પણ ઘાવ સુકાતો ન હોય અને જલ્દી રૂઝ વળતી નથી તો અળવીના પાનનો રસ કાઢીને તેને ઘાવ પર લગાવવાથી તે ઝડપથી સુકાઈ જાય છે. અળવીના કંદમાં ટૈનિન નામનુ તત્વ હોય છે. જે ડાયાબીટીશના દર્દીઓ માટે ખૂબ જ સારૂ માનવામાં આવે છે. માટે જ ડાયાબિટીશ હોય તેઓએ અળવીનું સેવન કરવુ જોઈએ.

## ગુર્જર સમાજ દ્વારા અઢી વીઘા જમીનમાં મંદિર સાથે શિક્ષણ સંકુલ પણ ખડું કરાશે




ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર તાલુકાના ગિયોડ ખાતે રાજ્યમાં વસતાં ગુર્જર સમાજે તેમના આરાધ્ય દેવનારાયણ ભગવાનના મંદિર અને સમાજના બાળકોના સારા શિક્ષણ માટે એક વિશાળ સંકુલના નિર્માણનું કાર્ય હાથ ધર્યુ છે. આ નિર્માણ કાર્ય માટે ગુર્જર સમાજ દ્વારા મોટા ચિલોડા નજીક ગિયોડ પાટિયા ખાતે અંબાજી માતાના મંદિર પાસે અઢી વીઘા જમીન ખરીદવામાં આવી છે જેનું ભૂમિપૂજન યોજાયું હતું. રાષ્ટ્રીય વીર ગુર્જર સમાજ દ્વારા ગુજરાત, અમદાવાદ, ગાંધીનગર એકમો દ્વારા ગુર્જર સમાજના આરાધ્ય દેવ ભગવાન શ્રી દેવનારાયણના મંદિર અને શિક્ષણ અને શિક્ષણ માટે રૂ.૫.૭૫ કરોડના ખર્ચે ભગવાન દેવનારાયણનું મંદિર સમાજના દાતાઓ દ્વારા બનાવવામાં આવશે. આ ઉપરાંત મંદિર સાથે ગુર્જર સમાજના બાળકોને સારું શિક્ષણ મળી રહે તે હેતુથી એક શૈક્ષણિક સંકુલ પણ ઉભુ કરાશે. પ્રસતાવિત સંકુલના બાંધકામ અને શિક્ષણને ધ્યાનમાં રાખીને ગુર્જર સમાજ અઢી વીઘા જમીન ખરીદવામાં આવી હતી જેમાં સમાજના ભામાશા દાતાઓએ રૂ. ૮.૮૨ કરોડની બોલી લગાવી હતી. આ જમીનનું ભૂમિપૂજન આંતરરાષ્ટ્રીય સંત શ્રી ૧૦૦૮ આદરણીય સુરેશદાસજી મહારાજ, માલસેરીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂજારી હેમરાજજી, પોસવાલજી અને પૂર્વ મંત્રી કાલુલાલ ગુર્જર, પૂર્વ ધારાસભ્ય રામાલાલ ગુર્જર, પૂર્વ મંત્રી ગોરધન ભાઈ ઝડફિયા, ગુર્જર ધારાસભ્ય હિંમતસિંહ ગુર્જર સહિત ગુર્જર સમાજના વરિષ્ઠ સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા.

## નાથીબા હોલ ખાતે નાટક "સાચી સગાઈ" ભજવાયું




ગાંધીનગર, તા.૨૭

શુક્રવારે ગુજરાત સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી ગાંધીનગરમાં સે.૨૩માં નાથીબા હોલ ખાતે આંશુ જોષીની કલમે લખાયેલ નિર્માતા નિર્દેશક રૂપલ ત્રિવેદી પ્રસ્તુત "સાચી સગાઈ" યોજાયું હતું. પ્રસ્તુત નાટકમાં પતંગીયા જેવો પતિ અને માથાભારે પત્નિ વચ્ચેની વાતને લેખક, દિગ્દર્શક અને કલાકારોએ અદ્ભુત રીતે ભજવી અને પ્રેક્ષકોને પકડી રાખ્યા અને હાસ્યની છોળો વચ્ચે નાટકને વધાવી લીધું હતું. આ નાટકમાં મુખ્ય રોલમાં મુંબઈ ગુજરાત તખ્તા ઉપર ખેડાણ કરી ચુકેલા પ્રસિદ્ધ અભિનેતા વિરલ કુકડીયા અને મેગી ક્રિચ્યન ઉપરાંતના સહ દિગ્દર્શક નૈતિક દેસાઈએ કમાલ કરી હતી તો દિકરીનાં પાત્રમાં જૈમીની ઠાકોર, ભાડૂઆત તરીકે ગ્લેમર ગર્લ નિશા જાની અને વિશાલ પ્રજાપતિએ યાદગાર અભિનય કર્યો હતો.

## શિહોલી મોટી ગ્રામ પંચાયત ખાતે ઉર્જાબચત વર્કશોપ યોજાયો




ચિલોડા, તા. ૨૭

પી.સી.આર.એ.ના ફેકલ્ટી શ્રીમતી નુપુરબેન ગુપ્તા દ્વારા ડોમેસ્ટીક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહિલાઓ માટે ખૂબ ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. વર્કશોપ દરમ્યાન ગેસ અને પેટ્રોલ જેવી કુદરતી ઉર્જાની બચત અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત એક ડોક્યુમેન્ટરી ફિલ્મ દર્શાવવામાં આવી હતી. કાર્યક્રમના ભાગરૂપે ઉર્જા બચતના વિવિધ પ્રશ્નોના આધારિત ક્વીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. ક્વીઝમાં બહેનોને વિવિધલક્ષી પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. બહેનોએ રસપૂર્વક ભાગ લીધો હતો.સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજનમાં ગ્રામ પંચાયતના સરપંચ પરબતસિંહ ઠાકોર પી.સી.આર. તેમજ ફેકલ્ટી મેમ્બર શ્રીમતી નુપુર ગુપ્તાએ ખૂબ સાથ-સહકાર આપ્યો હતો. વર્કશોપના અંતે સંસ્થા તરફથી નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## આપ અને ભાજપ પર પ્રહારો કરી જિલ્લામાં વધુ સુવિધા આપવાનું કોંગ્રેસનું વચન

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અગ્રણી ભરતસિંહ સોલંકી અને સી.જે. ચાવડા દ્વારા મહેસાણા સર્કિટહાઉસ ખાતે પ્રેસ કોન્ફરન્સ સંબોધી હતી. જન આરોગ્ય સંકલ્પ પત્ર મુદ્દે યોજવામાં આવેલી પ્રેસ કોન્ફરન્સમાં સામાન્ય નાગરીકોએ પૂરતી અને સારી આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરવાના સંકલ્પ સાથે જન આરોગ્ય સંકલ્પ પત્રની પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. જોકે પ્રેસ કોન્ફરન્સમાં ભરતસિંહ સોલંકીએ ભાજપ સરકારના ૨૭ વર્ષના શાસન સામે સવાલો કર્યા હતા અને ભાજપ સરકારમાં મુખ્યમંત્રીઓ અને કેબિનેટ બદલવા મામલે સરકારની કાર્યશૈલી અને શાખ ઉપર પ્રશ્નો કર્યા હતા. જ્યારે આ બેઠકમાં આગામી ચૂંટણીને લઈને જો કોંગ્રેસની સરકાર આવે તો આરોગ્ય માટે કામ કરવા માટેની તૈયારી બતાવી હતી અને દર્દીને ૧૦ લાખ સુધીની સહાય સારવાર માટે અને દીકરીના જન્મ મામલે ૩૦ લાખ સુધીની સહાય આપવા માટેનું જણાવ્યુ હતુ તેમ ભરતસિંહ સોલંકી-પ્રમુખ, પૂર્વ પ્રદેશ કોંગ્રેસે જણાવ્યુ હતું.

## ટીબીના દર્દીને દત્તક લઈને પૌષ્ટિક આહાર કીટનું વિતરણ

ગાંધીનગર, તા.૨૭

માન.વડાપ્રધાન શ્રી દ્વારા વર્ષ ૨૦૨૫ સુધીમાં ટીબીને નાબૂદ કરવાનું આહવાન કરેલ છે જેના અનુસંધાને તાજેતરમાં માન.આરોગ્ય મંત્રી દ્વારા નીક્ષય મિત્ર તરીકે ટીબીના જરૂરિયાત મંદ દર્દીને દત્તક લઈને ટીબીના દર્દીને પૌષ્ટિક આહાર કીટ આપવા માટે તમામ લોકોને આહવાન કરેલ છે જેના ભાગરૂપે સ્થાનિક કોર્પોરેટરશ્રી નો સહયોગ લઈને ગાંધીનગર કોર્પોરેશન વિસ્તારના પાલજ ગામ ના કોર્પોરેટર શ્રી જસપાલસિંહ પ્રવિણસિંહ બિહોલા દ્વારા ટીબીના જરૂરિયાતમંદ ૧૫ દર્દીઓને પૌષ્ટિક આહારની કીટ વિતરણ કરવામાં આવી. વધુમાં આ કોર્પોરેટર શ્રી દ્વારા જણાવવામાં આવ્યું કે આ દર્દીઓની સારવાર ચાલુ રહેશે ત્યાં સુધી આ અનાજની કીટ આપવામાં આવશે. આ પ્રસંગે કોર્પોરેટર શ્રી જશપાલસિંહ પ્રવિણસિંહ બિહોલા , પાલજ ગામના સરપંચ શ્રી ચેતનજી ગલાજી ઠાકોર ,સીટી ટીબી ઓફિસર ડો.એચ. કે. પટેલ , અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના મેડિકલ ઓફિસર શ્રી ડો. પાર્થ ગોસ્વામી તેમજ શહેરી ક્ષય કેન્દ્ર ના ટીબીએચવી કુમાર રાઠોડ અને અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાલજ ના તમામ સ્ટાફે હાજરી આપેલ. આ પ્રસંગ નિમિત્તે ટીબીના દર્દીઓને કોર્પોરેટર શ્રી દ્વારા અનાજની કીટ આપવા બદલ કોર્પોરેટર શ્રી નો શહેરી ક્ષય કેન્દ્રના સીટી ટીબી ઓફિસર ડો. એચ. કે. પટેલ દ્વારા આભાર માનવામાં આવેલ. અને જણાવેલ કે જો આવા સ્થાનિક દાતાઓ દ્વારા આવો સહયોગ મળતો રહેશે તો ટીબી હારેગા દેશ જીતેગા સૂત્રને ઝડપથી ચરિતાર્થ કરી શકીશું.



## રાજ્યકક્ષાની સ્પર્ધામાં ગાંધીનગર ટેકવોન્ડો એસો. સંસ્થાનાં વિદ્યાર્થીઓ ઝળકયા



ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થાનાં સેક્રેટરી મિલાપ ટાટારિઆ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, તાજેતરમાં અમદાવાદ ખાતે રાજ્યકક્ષાની ગુજરાત કપ ટેકવોન્ડો ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ અને ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થાનાં ૩૦ જેટલા ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ખેલાડીઓએ વિવિધ કેટેગરીમાં ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ્સ મેળવી ગાંધીનગર શહેરનું નામ રોશન કર્યું હતું તેમજ કોચ રોનક કંસારા દ્વારા સ્પર્ધાના ખેલાડીઓને સ્પર્ધાલક્ષી પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું તથા ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થાનાં ગ્રાન્ડમાસ્ટર પ્રકાશ સંભવાણી, ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવે અને સેક્રેટરી મિલાપ ટાટારિઆએ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## સુથાર સમાજ ગુજરાતના સૂત્રધારોની વરણી

ગાંધીનગર, તા. ૨૭

સમગ્ર ગુજરાત તેમજ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન રાજ્યનું પ્રતિનિધિત્વ કરતી મેવાડા, ગજ્જર, વૈશ્ય અને પંચોળી સુથાર જ્ઞાતિજનોની વડોદરા ખાતે આવેલી સંસ્થા સુથાર સમાજ ગુજરાતની બેઠક તાજેતરમાં મળી હતી. જેમાં હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે ઠાકોર મિસ્ત્રી, ઉપપ્રમુખ નિખીલભાઈ ગજ્જર, ઉપપ્રમુખ દિનેશચંદ્ર સી. સુથાર, બોરસદ તથા મંત્રી તરીકે સંજય ગજ્જરની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

આ સંસ્થાની રાજ્યસ્તરે નોંધણી કરાવી છેલ્લા ૨૭ વર્ષથી સુથાર જ્ઞાતિઓની તમામ પેટાજ્ઞાતિઓને એક છત્રતળે સંગઠીત કરીનો રાજ્યસ્તરે સુથાર જ્ઞાતિજનોનું મજબુત સંગઠન ઉભુ કર્યુ છે. રાજ્યસ્તરે અને કેન્દ્રસ્તરે સરકારના બક્ષીપંચના લાભો અપાવવા તથા માર્ગદર્શન પુરૂ પાડવામાં પણ જ્ઞાતિજનો માટે સંસ્થા અગ્રેસર રહી છે તેમ અખબારી યાદીમાં જણાવ્યું હતું.

## એચડીએફસી બેંકે એશિયામની બેસ્ટ બેંક એવોર્ડ્સમાં ૩ પ્રતિષ્ઠિત પુરસ્કારો જીતી લીધાં

આ મેગેઝિને તેની વેબસાઈટ પર કંઈક આ પ્રમાણે લખ્યું હતું - ‘એચડીએફસી બેંક અસ્કયામતોના સંદર્ભમાં ભારતની ખાનગી ક્ષેત્રની સૌથી મોટી બેંક છે. તે તેના ૭ કરોડથી વધારે ગ્રાહકોની જરૂરિયાતોને પૂરી કરવા માટે વ્યાપ, પ્રક્રિયાઓ, કુશળતાઓ અને વિઝન ધરાવે છે. જ્યારે વૈશ્વિક મહામારીએ માર્કેટને ધમરોળ્યું હતું ત્યારે તેની આ ક્ષમતાઓ ઘણી કામમાં લાગી હતી. એચડીએફસી બેંકનું કદ તેની કાર્યક્ષમતામાં અવરોધરૂપ બનતું નથી, કારણ કે, તે બાબત તેના ગ્રોસ નોન-પર્ફોર્મિંગ એસેટ્સના રેશિયોથી સ્પષ્ટ થઈ જાય છે. આ ગુણોત્તર આ વર્ષની શરૂઆતમાં ૧.૩૨%થી ઘટીને માર્ચ સુધીમાં ૧.૧૭% થઈ ગયો હતો.’

હોંગ કોંગ સ્થિત આ નાણાકીય સામયિકના વાર્ષિક બેસ્ટ બેંક સરવેનો ઉદ્દેશ્ય છેલ્લાં ૧૨ મહિનાના સમયગાળામાં પ્રત્યેક માર્કેટમાં કઈ બેંકો, મૂળભૂત બેંકિંગ પ્રવૃત્તિઓની રેન્જમાં ઉત્તમ કાર્યદેખાવ કર્યો છે, તેને ઓળખી કાઢવાનો છે.

માર્કેટના સહભાગીઓ પાસેથી વિગતવાર સમબમિશનો પ્રાપ્ત થયાં બાદ તથા આ સામયિકની સંપાદકીય સમિતિ દ્વારા બેંકિંગ અને કેપિટલ માર્કેટમાં હાથ ધરવામાં આવેલા સંશોધનની મદદથી વરિષ્ઠ પત્રકારોની એક ટીમ દ્વારા એશિયામનીના પુરસ્કારો અંગે નિર્ણય લેવામાં આવે છે. વળી, વરિષ્ઠ સંપાદકો અગ્રણી બેંકરોની મુલાકાત લેવા તથા ગ્રાહકો અને સ્પર્ધકો પાસેથી પ્રતિક્રિયા પ્રાપ્ત કરવા માટે પ્રત્યેક દેશ અથવા પ્રદેશની મુલાકાત પણ લીધી હતી.

બેસ્ટ ડોમેસ્ટિક કૉર્પોરેટ બેંક અંગે નિર્ણય લેતી વખતે જ્યુરીએ વિવિધ બિઝનેસ લાઇન્સમાં એચડીએફસી બેંકની ક્ષમતાઓને બિરદાવી હતી તથા બેંકની કૉર્પોરેટ ખાતાવહીનો તેમણે સવિશેષ ઉલ્લેખ કર્યો હતો, જે સરકારી માલિકીના કૉર્પોરેશનો, ટેલિકમ્યુનિકેશન્સ, ઊર્જા, વીજળી, ધાતુઓ, આંતરમાળખું, અન્ન અને કૃષિ તેમજ ફાર્માસ્યુટિકલ્સ સહિતના ક્લાયેન્ટ્સના વૈવિધ્યસભર પોર્ટફોલિયો મારફતે માર્ચ મહિનાના અંત સુધીમાં સાલ-દર-સાલ ૧૯% વિકસી હતી.

## મહુન્દ્રા ગામે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ચિલોડા, તા. ૨૭

ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગામે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોર, એસ.પી. ઠાકોર, લલિતસિંહ ઠાકોર, આઈ.બી. વાઘેલા, લાલભાઈ ચૌધરી, સંગાથ ગ્રુપના ચેરમેન સંજયભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગામના સરપંચ, ગામ આગેવાનો એન શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

## સાદરા સંકુલના કન્યા છાત્રાલયમાં છાત્રાઓ સાથે સહ ભોજન કરાયું

ગાંધીનગર, તા. ૨૭

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના બી.એ., એમ.એ., પી.એચ.ડી. વિભાગના કન્યા છાત્રાલયની છાત્રો સાથે સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલે સાથે ભોજન લીધુ હતુ. છાત્રાઓને સમતોલ અને પૌષ્ટિક આહાર મળે અને નિરામય જીવન જીવે તે હેતુથી ગૃહમાતા વસંતી પરમાર અને છાત્રાઓ સાથે વિચાર વિમર્શ કર્યો હતો. આજે આવી મોંઘવારીમાં પણ કન્યા છાત્રાલયનું ભોજન બીલ દૈનિક રૂપિયા સાઈઠ આવે છે. જેમાં દૈનિક સવારના ભોજનમાં દાળ, ભાત, રોટલી, શાક, બપોરે નાસ્તો અને સાંજે ભાખરી, શાક, ખીચડી અને દૂધ અપાઈ રહ્યું છે. દિવસના આ ત્રણ વખતનું ખર્ચ દૈનિક ૬૦ રૂપિયા થાય તે અંગેનું વ્યવસ્થાપન અન્યત્ર છાત્રાલયોએ જાણવા જેવું છે. અભ્યાસ કરવા જેવો છે.

### કોરોનામાં ઉછાળો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્રએ ૧૨૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કર્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે નવા નવ કેસ કોરોનાના નોંધાયા છે. જેમાં ૬ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસમાં એક દર્દી નેપાળથી પરત ફર્યા બાદ સંક્રમિત થયાનું જણાયુ છે. મોટા ભાગના દર્દીઓ લોકલ ટ્રાન્સમિશનથી સંક્રમિત થયા છે.

શહેરમાં કેસો લોકલ ટ્રાન્સમિશનથી વધુ નોંધાઈ રહ્યા હોવાથી તંત્રએ સર્વેલન્સ સઘન કરવાની સૂચનાઓ આપી છે.

શહેરમાં અગાઉની લ્હેરોમાં સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે સમાવિષ્ટ સરગાસણ ગામેથી ૩ કેસ તેમજ રાયસણ, રાંધેજા, સે. ૧, ૪, ૮, ૧૯મંથી કેસ મળી આવેલ છે.

સે. ૧, ૪, ૮, ૧૯માંથી જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

શહેરમાં સર્વેલન્સ સઘન બનાવવા ઉપરાંત વેક્સિનેશન અભિયાન સઘન કરવા પર ભાર મુક્યો છે. ખાસ કરીને જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે અને આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

### તૈયાર કરશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આખરી કરવા માટે હવે નગર રચના અધિકારીની નિમણુંક કરી દેવામાં આવી છે. જયારે આ સ્થિતિના અંતે નગર રચના અધિકારી કક્ષાએથી પણ પ્રારંભિક યોજના માટે કામ ચલાઉ પુન : રચનાની દરખાસ્તો ઉપરાંત અંતિમ ખંડોની ફાળવણી ,રસ્તાઓની માળખુ દર્શાવતા નકશા તેમજ સરખામણીના પત્રક તૈયાર કરવા સાથે સત્તામંડળ સાથે જરૂરી પ્રક્રીયા હાથ ધરવા માટે પણ આયોજન કરાયુ છે.

### ખાદી ફોર

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંસ્મરણો યાદ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતે અટલજીને ખૂબ પ્રેમ આપ્યો. સાથે જ તેમણે જણાવ્યું કે, અટલજી ૧૯૯૬માં ગાંધીનગરથી ચૂંટણી જીત્યા હતા. આ ફૂટ ઓવરબ્રિજ માત્ર સાબરમતી નદીના કિનારાને જ નથી જોડતો પરંતુ બ્રિજની એક વિશેષતા પણ છે, તેની ડિઝાઈન પતંગ મહોત્સવની યાદ અપાવે છે. અટલ બ્રિજ સાબરમતીના બે કિનારાને જ નથી જોડતા, ડિઝાઈન અને ટેકનોલોજીમાં પણ સર્વોત્તમ છે. આ અટલ બ્રિજ શ્રી વાજપેયીજીને ભાવભીની શ્રદ્ધાંજલિ છે. જેમ એક દીવો અંધારાને પરાસ્ત કરી દે છે, એવી જ રીતે આ ચરખો પણ દેશના ભવિષ્ય ને આગળ લઈ જશે.

પીએમ મોદીએ જણાવ્યું કે, ઈતિહાસ સાક્ષી છે કે ખાદીનો એક દોરો આઝાદીની ચળવળનું બળ બન્યો, તેણે ગુલામીની સાંકળો તોડી નાખી. ખાદીનો સમાન દોરો વિકસિત ભારતના વચનને પૂર્ણ કરવા, આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે પ્રેરણા સ્ત્રોત બની શકે છે. અટલ બ્રિજ માત્ર સાબરમતી નદીના બે કાંઠાને જોડતો નથી, પરંતુ તે ડિઝાઈન અને નવીનતામાં પણ અભૂતપૂર્વ છે. ગુજરાતના પ્રખ્યાત પતંગ મહોત્સવની ડિઝાઈનમાં પણ ધ્યાન રાખવામાં આવ્યું છે.

પીએમ મોદીએ ઉમેર્યું હતું કે, ભારતના ખાદી ઉદ્યોગની વધતી શક્તિમાં મહિલા શક્તિનો પણ મોટો ફાળો છે. ઉદ્યોગ સાહસિકતાની ભાવના આપણી બહેનો અને દીકરીઓમાં સમાયેલી છે. ગુજરાતમાં સખી મંડળોનું વિસ્તરણ પણ તેનો પુરાવો છે, ખાદી જેજંદ્વૈહદ્ધહ્નદ્ગી ષ્ઠદ્મંરૈહખ્તનું ઉદાહરણ છે, ખાદી એ eco-friendly clothingનું ઉદાહરણ છે. ખાદીમાં સૌથી ઓછા carbon footprint છે. એવા ઘણા દેશો છે જ્યાં તાપમાન વધારે છે, ખાદી સ્વાસ્થ્યની દૃષ્ટિએ પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેથી ખાદી વૈશ્વિક સ્તરે એક વિશાળ ભૂમિકા ભજવી શકે છે.

મોદીએ છેલ્લે જણાવ્યું હતું કે, આવનારા તહેવારોમાં ખાદી ગ્રામોદ્યોગમાં બનેલી વિવિધ વસ્તુઓ જ ઉપહાર તરીકે આપવા સૌને અપીલ કરું છું. તમારા એક પ્રયત્નથી ગરીબોનું જીવન સુધરશે. વિદેશમાં જાઓ તો પોતાના પરિવારને પણ ભેટમાં ખાદી આપજો. હું દેશવાસીઓને એક આગ્રહ કરું છું. દૂરદર્શન પર સ્વરાજ નામની ધારાવાહિક શરૂ થઈ છે. દેશની આઝાદીની લડાઈ માટેની આ રિસિયલને વર્તમાન પેઢીને પરિવાર સાથે બતાવો.

### ટાઈટલ જીત્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

૮૩.૭૨ મીટરના બેસ્ટ થ્રો સાથે ત્રીજા સ્થાને રહ્યા. ૮૯.૦૮ મીટર નીરજ ચોપડાની કરિયરનો ત્રીજો સર્વશ્રેષ્ઠ પ્રયત્ન છે. નીરજની કરિયરના બેસ્ટ થ્રોની વાત કરીએ તો તે ૮૯.૯૪ મીટર છે જે તેમણે સ્ટોકહોમ ડાઈમંડ લીગમાં બનાવ્યો હતો. પાણીપતના રહીશ નીરજ ચોપડા ડાઈમંડ લીગનો કોઈ ખિતાબ જીતનારા પહેલા ભારતીય બન્યા છે. આ સાથે જ તેઓ ડાઈમંડ લીગની ફાઈનલમાં પણ જગ્યા બનાવનારા પહેલા ભારતીય છે. ચોપડા પહેલા ચક્રફેક ખેલાડી વિકાસ ગૌડા ડાઈમંડ લીગ મીટના ટોચના ત્રણમાં જગ્યા બનાવનારા એકમાત્ર ભારતીય હતા. અત્રે જણાવવાનું કે ઈજાના કારણે નીરજ ચોપડા ગત મહિને યોજાયેલી વિશ્વ ચેમ્પિયનશીપમાં ૮૮.૧૩ મીટરના થ્રો સાથે ઐતિહાસિક સિલ્વર મેડલ મેળવ્યો હતો. તે મુકાબલા દરમિયાન નીરજને ગ્રોઈન ઈન્જરી થઈ હતી. ત્યારબાદ મેડિકલ ટીમે તેમને ચાર-પાંચ અટવાડિયા આરામની સલાહ આપી હતી. ત્યારબાદ તેમણે બર્મિંઘમમાં આયોજિત કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨માંથી હટવાનો નિર્ણય લીધો હતો.